ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

૨૩/૦૭/૨૦૨૧

## <u>પ્રેસ-નોટ</u>

આઝાદીના અમૃત મહોત્સવના પર્વે લોકમાન્ય તિલક વ્યાખ્યાનમાળાનો પ્રારંભ

<u>દર માસે વ્યાખ્યાન યોજી આઝાદીનું ગૌરવગાન કરાશે.</u>

આઝાદીની લડાઈના ભીષ્મ પિતામહ લોકમાન્ય બાળગંગાધર તિલકના જન્મ દિવસની આજરોજ ગુજરાત યુનિવર્સિટી ખાતે કુલપતિ ડો. હિમાંશુ પંડ્યાની અધ્યક્ષતામાં ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત યુનિવર્સિટીના વુમન ડેવલોપમેન્ટ સેલ દ્વારા આયોજિત વેબીનારમાં ઉપકુલપતિ ડો. જગદીશ ભાવસાર, વુમન ડેવલોપમેન્ટ સેલના અધ્યક્ષા ડો. ભારતી પાઠક, મેમ્બર સેક્રેટરી જ્યોતિ પારિક, આજના વેબીનારના વક્તા ડો. જયરાજ પંડ્યા સહિત મોટી સંખ્યામાં છાત્ર-છાત્રાઓ, અધ્યાપકો જોડાયા હતા.

વેબીનારમાં સંબોધન કરતાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડો. હિમાંશુ પંડ્યાએ જણાવ્યુ હતું કે, ગુજરાત યુનિવર્સિટીના WDC દ્વારા વિવિધ વિષયોને લઈને વ્યાખ્યાન સતત આયોજિત કરવામાં આવે છે. આજે આઝાદી સાથે જેમનું નામ શરૂઆતથી જોડાયેલું છે. અધ્યાપક તરીકે જેમને છાત્ર-છાત્રાઓમાં રાષ્ટ્રભકિતનું જાગરણ કર્યું હતું અને અંગ્રેજો સામેની લડતની આગેવાની કરી હતી તેવા મહાન સપૂત લોકમાન્ય તિલકનો જન્મ દિવસ છે. આજના દિવસે તેમની કાર્યગાથાનું સંસ્મરણ કરીને જ્યારે આઝાદીના ૭૫મી વર્ષગાંઠ સમગ્ર રાષ્ટ્રમાં “અમૃત મહોત્સવ” તરીકે ઉજ્વવામાં આવી રહી છે ત્યારે “લોકમાન્ય તિલક વ્યાખ્યાન માળા ” ગુજરાત યુનિવર્સિટી પ્રારંભ કરતાં ગૌરવ અનુભવે છે.

લોકમાન્ય તિલક વ્યાખ્યાન માળા દ્વારા દર માસે વ્યાખ્યાન યોજી આઝાદીનું ગૌરવગાન કરાશે. આ ઉપરાંત આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી પ્રસંગે સતત કાર્યક્રમો યોજવામાં આવશે.